## ઘરદીવડા યોજના

આ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની ગ્રામ્ય અને શહેરી મહિલાઓને સ્વરોજગારી દ્વારા આર્થિક રીતે પગભર થવા માટે રાષ્ટ્રીયકૃત બેંકો મારફતે વિવિધ વ્યવસાય/ ઉદ્યોગ/વેપાર હેતુ બેંકેબલ લોન માટે બેંકોને રૂ.૫૦૦૦૦ સુધીની લોન માટેની ભલામણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ ધંધા ક્ષેત્ર માટે રૂ.૭૫૦૦, સેવાક્ષેત્ર માટે રૂ.૧૦૦૦૦ તથા ઉદ્યોગક્ષેત્ર માટે રૂ.૧૨૫૦૦ સુધીની વધુમાં વધુ સબસીડી આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૦૯-૧૦ માટે આ યોજના અંતર્ગત કુલ રૂ.૧૭૫.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૨૪૮૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ.**

**સંપર્ક : ફિલ્ડ ઓફિસરશ્રી, જિલ્લા સ્તરના મહિલા આર્થિક વિકાસ નિગમ (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)**